મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૫૭ ટકા

ગાંધીનગર તાપમાન

ઘ-૪ પાસે 'હિટ એન્ડ રન'

નેનો કારની ટક્કરે એકટીવાચાલક ૫૩ વર્ષિય આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહનચાલકો બેફામ ગતિએ વાહનો હંકારે છે. ગતિ નિયમનની ઐસી તૈસી કરીને વાહનો રોકેટની જેમ વાહનો દોડાવતા નજરે પડે છે. શહેરમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં દિન પ્રતિદિન વધી રહી છે. શહેરમાં બે પૈંડા પરની જીંદગી જોખમાઈ રહી છે. ત્યારે શહેરમાં આજે વધુ એક હીટ એન્ડ રનનો કિસ્સો બનવા પામ્યો છે. જેમાં નેનો કાર લઈને જતા યુવકે ઘ-૪ ઉદ્યોગ ભવનની સામે મોપેડ ચાલકને ટક્કર મારતા એકટીવા ચાલક નીચે પટકાયા હતા. મોપેડ ચાલકને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. બનાવને પગલે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ મુળ ગાંધીનગર નજીક આવેલા સોનીપુર ગામના અને વાવોલ શારદા રેસીડન્સી મકાન નં.સી-૭ ખાતે રહેતા રસીકલાલ કેશવલાલ પ્રજાપતિ (ઉં.વ.૫૩) પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ શહેરના ઘ-૨ પાસે સવારથી મોડી સાંજ સુધી દાબેલીની લારી ચલાવીને પોતાનું જીવનનિર્વાહ કરે છે. આજે સવારના સુમારે તેઓ પોતાની માલિકીનું મેસ્ટ્રો મોપેડ નં.જી.જે.૧૮.સી.જી.૯૬૨૭ લઈને ઘ-૩ થી ઘ-૪ તરફ જઈ રહ્યા હતા તે સમયે ઉદ્યોગ ભવનની સામે નેનો કાર નં.જી.જે.૧૮.બી.સી.-૨૦૮૧ના ચાલકે ગફલતભરી રીતે હંકારી મોપેડને પાછળથી ટક્કર મારતા મોપેડ ચાલક માર્ગ પર નીચે પટકાયા હતા. તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને પગલે ઘટનાસ્થળે જ તેમનું મૃત્યું નિપજયું હતું. બનાવને પગલે નગરના માર્ગ પર વાહનોની લાંબી લાઈનો લાગી હતી. ત્યારે શહેરના સેકટર-૪ ખાતે રહેતો કાર ચાલક ઘ-૩ થી પેટ્રોલ પુરાવીને કાર વોશ કરાવવા જતો હતો તે સમયે અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે પોલીસે મૃતકના દિકરાની ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નાગર યુવક યુવતીઓ માટે જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૪

સમગ્ર ગુજરાત નાગર પરિષદના ઉપકમે તા. ૫ જાન્યુઆરીએ નાગર યુવક-યુવતીઓ માટે ૨૪મો જીવનસાથી પસંદગી સંમેલન અમદાવાદમાં યોજાશે. આવા સંમેલનો દ્વારા અત્યાર સુધી ૮૫૦૦ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા છે. સંમેલનમાં ભાગ લેવા માટે ભરેલા આવેદનપત્રો તા. ૧૮મી ડીસેમ્બર સુધી પ્રમુખ નરેશભાઈ રાજા મો. ૯૯૭૪૦૩૪૪૬૬, ચેરમેન અરુણભાઈ બુચ ફોન ૨૩૨૬૦૨૩૭૦. સુભાષ ભટ્ટ, ફોન ૨૩૨૧૦૧૯૨, મહેશભાઈ રાવલ, ફોન ૨૩૨૩૩૦૬૭ તથા બીલ્વેશ રાવલ-કલોલ-મો. ૯૯૦૯૯ ૩૧૮૦પને સાંજના સાડા પાંચ સુધી જમા કરાવવાના રહેશે.

ચિલોડા મોટા ખાતે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં ત્રિ-દિવસીય ચિંતન શિબિર યોજાઈ

ચિલોડા, તા.૪

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ પાસે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય-જગદંબા ભવન, રાજયોગા મેડિટેશન સેન્ટર ખાતે રાજયોગિની કૈલાસદીદી અને રાજયોગિની તારાદીદીની ઉપસ્થિતિમાં પારિવારિક શાંતિ અને પરમાત્મ અનુભૂતિ શિબિર ત્રિદિવસીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ શિબિરમાં ૩૦મી નવેમ્બરથી ૨જી ડિસેમ્બર ત્રિદિવસીય રાત્રે ૭.૩૦ થી ૯.૦૦ વાગ્યા સુધી મુખ્ય વકતા પ્રો. ઈ.વી. ગીરીશ દ્વારા સકારાત્મક ચિંતનમાં સંબંધોમાં મધુરતા, રાજયોગના માધ્યમથી ખુશનુમા જીવન જીવવાની કલા અને ક્રોધ મુકતજીવન, સ્વાસ્થ્ય સમૃદ્ધિ અને ખુશીનું રહસ્ય, સુખી આનંદમય જીવનપ્રાપ્તિ અંગે પ્રેરણાદાયી ચિંતનનો લાભ ચિલોડા વિસ્તારના બ્રહ્માકુમારી ભાઈ-બહેનોએ લીધો હતો.

આ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે રાજયોગિની કૈલાસદીદી, તારાદીદી, વકતા ગીરીશભાઈ, ઓમલેન્ડ માર્કના પ્રિન્સીપાલ આચાર્યાને છોડ આપી સ્વાગત કરી દીપ પ્રાગટય દ્વારા કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે રાજયોગિની કૈલાસદીદીએ પ્રાસંગિક પ્રવચનમાં ઉપસ્થિત બ્રહ્માકુમારી ભાઈ-બહેનોને શુભ આર્શીવચન પાઠવ્યા હતા.

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગરના ઉપકમે તથા કલોલ બ્લડબેંકના સહયોગથી વાવોલ પ્રાથમિક શાળા ખાતે રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમાં કલોલ બ્લડબેંકના દિલીપભાઈ દવે અને ટીમ દ્વારા રકત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ દિપકભાઈ પંડયા, હેમંતભાઈ વૈષ્ણવ, નરેન્દ્રભાઈ પટેલ, દક્ષાબેન મકવાણા, ભાવનાબેન ચૌહાણ, જીલુભા ધાંધલ, નિલેન્દુ વોરા, હાર્દિક તલાટી, અશ્વિન દવે, એમ.એન. સોલંકીનો સહયોગ રહ્યો હતો. આ ઉપરાંત દરેક રકતદાતાઓને દિલીપભાઈ દવે દ્વારા ગીફટ અને સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા તથા રકતદાન જાગૃતિ માટે પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

લાયોનેસ કલબ દ્વારા વિકલાંગ દિવસ ઉજવાયો

લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા વિકલાંગ દિવસ નિમિત્તે સે-૨૯ની 'પ્રયાસ' સરકારી સ્કુલના લગભગ નોર્મલ અને એબનોર્મલ વિદ્યાર્થીઓને સ્વર્ણિમ પાર્કમાં પીકનીક કરાવવામાં આવી હતી. જયાં બાળકોને અવનવી રમતો રમાડી ઈનામ આપી પ્રોત્સાહિત કરી સ્ટેશનરી અને ચોપડાનું વિતરણ કરી બપોરના ભોજન કરાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય દાતા લાયોનેસ કલબ આઈપીપી ડિમ્પલ દેસાઈ હતાં. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ દક્ષા જાદવ, સેક્રેટરી રીટા શાહ, સંસ્થાના સર્વે ભૂતપૂર્વ પ્રમુખ તથા કલબના સભ્યો હાજર રહ્યા હતા.

રાજય યુથ એવોર્ડ માટે જિલ્લાના યુવાનોને અરજી કરવા જોગ

ગાંધીનગર, તા.૪

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજયના યુવાઓના પ્રોત્સાહન માટે ગુજરાત રાજય યુથ એવોર્ડ આપવાનું નક્કી કર્યું છે. જે અંતર્ગત યુવાઓએ સમાજ સેવા અને રાષ્ટ્ર નિર્માણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય જેવી કે સ્વચ્છ ભારત અભિયાન, જળ બચાઓ અભિયાન, પ્રદૂષણ નિયંત્રણ, વૃક્ષારોપણ, બાળ પોષણ અભિયાન, રાજય તેમજ સમાજ સેવા અંગેના બીજા ફલેગશીપ કાર્યક્રમોમાં ઓળખી શકાય તેવા ઉત્તમ કાર્ય કરેલા હોય તેવા યુવાનોનું એવોર્ડ આપીને સન્માન કરવામાં આવનાર છે.

જે અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ગુજરાત રાજય યુથ એવોર્ડ માટેની અરજી તા. ૧૧મી ડિસ્મેબર, ૨૦૧૯ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ તમામ આધાર પુરાવા સાથે અરજી આપવાની રહેશે. વધુ માહિતી માટે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા જિલ્લા યુવા વિકાસ અધિકારીએ જણાવ્યું છે.

જવાનોની બહાદુરી અને આધુનિક ઉપકરણો સાથે બીએસએફનો કડક ચોકી પહેરો : જી.એસ. મલિક

બીએસએફનો ૫૫મો સ્થાપના દિન ઉજવાઈ રહ્યો છે : વિવિધ રમતોની સ્પર્ધાના આયોજન કરાયા : આ વર્ષે ગુજરાત ફ્રન્ટિયર્સે 'અશ્વિની ટ્રોફી' જીતી છે

ગાંધીનગર, તા.૪

ભારત અને ચીન વચ્ચેના યુધ્ધ પછી વર્ષ ૧૯૬૫માં તા.૧લી ડિસેમ્બરે ભારતીય સીમાઓની સુરક્ષા માટે સીમા સુરક્ષા દળ 'બીએસએફ'ની સ્થાપના કરવામાં આવી હતી. બીએસએફની સ્થાપનાને ૫૪ વર્ષ પૂર્ણ થઈ ૫૫મા વર્ષમાં મંગલ પ્રવેશ ટાણે ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર યુનિટ ખાતે ઉજવણી કરાઈ રહી છે. આજે આ પ્રસંગે રસ્સા ખેંચની સ્પર્ધા યોજવામાં આવી હતી.

બીએસએફના મહાનિર્દેશક જી.એસ. મલિકે આ પ્રસંગે બીએસએફના જવાનોને સંબોધતા કહ્યું હતું કે 'બીએસએફ ભારતની પાકિસ્તાન તથા બાંગ્લાદેશ તરફની સીમાની સુરક્ષા સુપેરે નિભાવી રહ્યું છે. બીએસએફ પાસે અત્યાધુનિક સાધનો સાથે હથિયારો હોવા ઉપરાંત જવાનોમાં ખૂબ જુસ્સો અને બહાદુરી છે. બીએસએફના તમામ યુનિટો વચ્ચે યોજાયેલી રમતગમતમાં ગુજરાત ફ્રન્ટિયર યુનિટને આ વર્ષે બેસ્ટ યુનિટ માટેની 'અશ્વિની કુમાર ટ્રોફી' પ્રાપ્ત થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૧લી ડિસેમ્બરથી બીએસએફના ૫૫મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં ગુજરાત ફ્રન્ટિયર ખાતે ક્રિકેટ મચ, વોલીબોલ ટૂર્નામેન્ટ, રસ્સાખેંચ સ્પર્ધા, ૨૦ કિલોમીટર લાંબી સાયકલ રેલી તથા સ્વચ્છતા હરિફાઈ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે. જેમાં બીએસએફના જવાનો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.

સે-૨૩ ખાતે બે દુકાનના તાળા તુટ્યા

ગાંધીનગર શહેરમાં તસ્કરોનો તરખાટ વધી રહ્યો છે. તસ્કરોને પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે. તસ્કરો પોતાના ટાર્ગેટ પૂર્ણ કરીને પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં જ શહેરના ઘ-૨ પાસે દુકાનના તાળા તુટ્યા હતા. ત્યારે તસ્કરોએ ફરીવાર સેકટર-૨૩ ખાતે આવેલી મેઈન શોંપીગ સેન્ટરની દુકાનોને નિશાન બનાવી છે. સેકટર-૨૩ ખાતે આજે વહેલી સવારે બે દુકાનના તાળા તુટ્યાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં એક દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં ચોર ઈસમ નજરે પડે છે. જો કે દુકાનમાંથી ખાસ કોઈ ચીજવસ્તુ કે રોકડ રકમ ગઈ ન હોવાથી વેપારીઓએ પોલીસ કેસ કરવાનું ટાળ્યું હતું. તસ્કરોએ દુકાનના શટર ઉંચા કરી ચોરી કરતા વેપારીઓમાં ભયનો માહોલ છવાયો છે.

શહેરમાં ચોરી, ઘરફોડ, વાહનચોરી, લુંટ સહિતના કિસ્સા વધી રહ્યા છે. પોલીસના પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર પોતાની કળા કરી જાય છે. શહેરમાં તસ્કરોનો તરખાટ મચાવી રહ્યા છે. શહેરના નાગરીકોમાં પણ પોતાના ઘરની સલામતીને લઈ પ્રશ્નો ઉઠી રહ્યા છે. ત્યારે શહેરના સેકટર-૨૩ મેઈન શોંપીગ સેન્ટર ખાતે આવેલી દુકાન નં.૩ વિજય કિરાણા સ્ટોર્સ નામની દુકાના તાળા મોડી રાતના સુમારે તુટ્યા છે. શટર ઉંચા કરીને અંદર પ્રવેશેલ ચોર સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે. ચોર ઈસમ દુકાનમાં ઘુસીને ચોર ઈસમ બેટરીના અજવાળે દુકાનમાં શોધખોળ કરી રહ્યો છે. પરંતુ દુકાનમાંથી ખાસ કોઈ ચીજવસ્તુની ચોરી થવા પામી નથી. જયારે બાજુમાં આવેલી અન્ય દુકાનનું પણ તાળુ તોડ્યું છે. પરંતુ બંને દુકાનમાંથી ખાસ ચોરી થઈ ન હોવાથી વેપારીઓએ બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાઈ નથી.

મુવી હાઉસ

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

બાલા - ૧૦.૪૫, ૩.૧૫
પાગલપંતી - ૪.૦૫
હોટલ મુંબઈ ૧.૦૦, ૫.૦૦, ૧૦.૧૫
યે સાલી આશિકી ૧૦.૦૦, ૯.૪૦
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી) ૩.૫૫
ગુજરાત ૧૧ (ગુજરાતી) ૬.૪૫
હેલ્લારો (ગુજરાતી) ૧૧.૪૦, ૨.૨૦, ૭.૪૦, ૧૦.૨૦
કમાન્ડો ૩ ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

કમાન્ડો-૩ ૧૧.૧૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦
હોટલ મુંબઈ - ૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
યે સાલી આશિકી - ૧૨.૧૫
ગુજરાત-૧૧ (ગુજરાતી) ૫.૨૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી) ૧.૦૦
મરજાવા - ૧.૪૫, ૧૦.૩૦
બાલા - ૨.૦૦
પાગલપંતી - ૯.૫૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
હેલ્લારો (ગુજરાતી) ૧૧.૦૫, ૪.૩૫, ૧૦.૨૫

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

મરજાવા - ૩.૪૦
પાગલપંતી - ૯.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી) ૧.૨૦, ૬.૫૦, ૯.૩૦
બાલા - ૪.૦૦
કમાન્ડો-૩ ૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૫, ૭.૨૫, ૧૦.૧૫
હોટલ મુંબઈ - ૧૦.૧૦, ૧૨.૫૫, ૬.૩૦, ૯.૧૫
યે સાલી આશિકી ૧૦.૩૫, ૯.૩૦
ગુજરાત-૧૧ (ગુજરાતી) ૩.૪૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી) ૬.૪૦

સિટી પલ્સ, કુડાસણ

મરજાવા - ૭.૩૦
બાલા - ૪.૩૦, ૯.૪૫
હેલ્લારો (ગુજરાતી) ૯.૩૦, ૨.૪૫
પાગલપંતી - ૨.૦૦, ૭.૦૦
ચાલ જીવી લઈએ - ૧૨.૦૦
કમાન્ડો-૩ - ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
હોટલ મુંબઈ ૧૨.૧૫, ૫.૧૫, ૯.૪૫
લવ યુ ટર્ન - ૫.૧૫
દીયા ધ વન્ડર ગર્લ (ગુજરાતી) ૨.૪૫
ગુજરાત-૧૧ (ગુજરાતી) ૧૦.૦૦
એકસ-રે - ૧૨.૦૦

આવતીકાલે ડૉ. બાબા સાહેબને શ્રધ્ધા સુમન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૪

ભારતીય સંવિધાનના નિર્માતા ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૬૩મા મહાપરિનિર્વાણ દિન નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર 'પ્રતિમા સંકુલ' પ્રેરણાભૂમિ ખાતે શ્રધ્ધાસુમન પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ સમિતિના ઉપકમે ૬ઠ્ઠી ડીસેમ્બરના સવારે ૮.૩૦ કલાકે રાખવામાં આવેલ છે તેમ પ્રમુખ સંદીપ પી. જયોતિકર અને મહામંત્રી વિઠ્ઠલભાઈ પરમારે જણાવેલ છે.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર રઈબેન બેચરજી, ઉ.વ. ૬૭
- સ્વ. સુથાર શારદાબેન ડાહ્યાલાલ, ઉ.વ. ૯૪
- સ્વ. પંડયા સુમનબેન સુર્યકાન્ત, ઉ.વ. ૭૮
- સ્વ. દિપક નારણદાસ વ્યાસ, ઉ.વ. ૫૨
- સ્વ. પ્રજાપતિ રસિકભાઈ કેશવલાલ, ઉ.વ. ૫૬